શ્રીગોકુલેશ પાઠશાળા



તાત તણો પ્રતિબિંબ રે રસના - ૧૨

શ્રીપાપમોચિની એકાદશી વ્રત

વર્ષ ૨ અંક ૧૨ ફાગણ વદ ૧૧, ૨૦૬૫

પ્રાત હિ શ્રીગોકુલેશ ગોકુલેશ ગાઊઁ ।।

પૂરન પુરુષોત્તમ વપુ ધરૈ વંદિત ત્રિલોકનાથ, શ્રીવિઠ્ઠલેશનન્દન નિરખિ નિરખી નૈન સિરાઊઁ ।। ૧ ।।

શ્રીવલ્લભજુકી સરની આયૈ જેતૈ કલિયુગકે જીવ, ઉદ્ધરૈ સમૂહ તિનહીં કહૌં લૌ ગિનાઊઁ ।।

જૈ કબહૂં નામ લેત તિનહૂં કૌ અભય દેત, માગત રઘુનાથદાસ નિકટ રહેન પાઊઁ ।। ૨ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;
નિજ-જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સાદા અપાર;
ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સાદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણની કૃપા દ્વારા આપણે આજે શ્રીગોકુલેશ પાઠશાળા અન્તરગત ગયા વર્ષે એક નવીન અંક શરૂ કરેલ, તાત તણો પ્રતિબિંબ રે રસના, તેનો આજે આ ૧૨મોં અંક છે અને સાથેજ શ્રીદાદાજીની કૃપાથી આજે આ અંકને એક વર્ષ પૂર્ણ થાય છે. આ એક વર્ષની અંદર આપણે શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુના જીવન પ્રસંગોમાં અમૂક સૂચક અને નવીન વિષયોને જાણવા-માણવાનો પ્રયાસ કર્યો. આપશ્રીની કૃપાથી આગળ પણ આપણે સૌ શ્રીગોકુલેશ ચરણશરણાનુરાગી સેવક સમાજ આપશ્રીના દિવ્ય અને પરમ કૃપારૂપી પ્રસંગોને આપણે સ્મરણમાં લઈએ, એવી શ્રીચરણોમાં અભ્યર્થના. આપશ્રીનું કેવળ જીવનજ નહીં, પરન્તુ આપશ્રીનું સ્વરૂપ પણ કેવું અલૌકિક છે, આપશ્રીનાં સ્વરૂપમાં તો એવું કેવું સામર્થ્ય છે, કે આજે પણ આ શ્રીચતુર્થદ્વારના સેવક-વૈષ્ણવો આપશ્રીના નામને ઉજાગર કરવા પ્રયત્નશીલ રહે છે. આજે જ્યારે આપણે શ્રીમદ્ ગોકુલમાં જઈએ છીએ તો કેવળ શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણના દર્શનનો મનોરથ સેવીએ છીએ, કારણ! આપશ્રી આજે પણ એજ ઘરમાં નિત્યરૂપે બિરાજી રહ્યાં છે, જે ઘરમાં આપશ્રીએ બાલ-લીલા કરી, અનેક વચનામૃતો પ્રકટ કર્યાં, એજ ઘર એટલે શ્રીબેઠક. આજે પણ આ શ્રીબેઠક એજ સ્થિતિમાં પ્રકટ બિરાજમાન છે, જે સ્વરૂપે શ્રીદાદાજીના સાક્ષાત્ અવતાર સમયમાં હતી. આજ શ્રીબેઠક સન્મુખ શ્રીગોકુલેશ પ્રભુ પોતાના અનન્યાશ્રિત સેવકોને માર્ગનો યથાર્થ બોધ પ્રકટ કર્યો. ભગવદીયો પણ આજ શ્રીબેઠકને સાક્ષાત્ નન્દાલય માને છે. આપણે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક-સમાજનું અહોભાગ્ય છે કે

આપણા આ દ્વારના વર્તમાન **પીઠાધીશ્વર પૂજ્યચરણ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી)**એ આ શ્રીબેઠકને મૂલ સ્વરૂપમાં પ્રકટ રાખી છે.

ભગવદીયો પણ આ શ્રીગોકુલેશ પ્રભુની શ્રીબેઠકનું લીલા વર્ણન કરતાં થાકતા નથી. અનેક કવિત્-પદો-ધોળની રચના કરી પોતાના સ્વામીને રીઝવતાં હતાં. આઓ આજે ફરી એવાજ એક શ્રીગોકુલેશચરણાસક્ત, પરમાસક્ત, અનન્યભક્તિકર્તા ભક્તકવિ **ગોકુલદાસ નાગર અને વેણીદાસ નાગર**, વડોદરાના વતનીના ચરિત્રને સંક્ષેપમાં સમજવાનો પ્રયાસ કરીએ.

ગોકુલદાસ નાગર અને વેણીદાસ નાગર :-

બન્ને ભાઈ ગોકુલદાસ અને વેણીદાસ નાગર વડોદરાના વતની હતા, અને ખૂબજ સારા ભક્ત હતા, સાથે કવિ પણ. તેમના વિષે સ્વરૂપાનુભવોત્સવ ગ્રંથના માંગલ્ય ૭૩ની કડી ૩૦થી ૩૪માં નીચે પ્રમાણે પરિચય ગ્રંથકારે આપ્યો છે.

એહ સમય રે અનુભવે સુખરાશ હોય જે કહેવાય રે નાગરભાઈ ગોકુલદાસ . ૩૦
એહોદ્વારા રે લીલા પ્રગટ જે હોય અનુભવીયને રે ગુણગાનને સોય . ૩૧
જે કેવલ લીલારે સ્વરૂપાત્મક અનૂપ હોય એહવી લીલારે આનન્દ રસરૂપ હોય. ૩૨
થાય પ્રગટ ને રે, સહુને સુખદાઈ હોય; અને વલી કાંઈ રે કહે છે એહનો ભાઈ. ૩૩
તે વેણીદાસ રે દ્વારા રસાલ હોય; એ સુણતાં રે, અનુભવ તત્કાલ હોય. ૩૪

આ ગોકુલદાસ નાગરે **નિત્યચરિત્ર** તથા વેણીદાસ નાગરે **શ્રીગોકુલ ગોવર્ધન ગમનાગમન** નામના ગ્રંથો લખ્યા છે તથા ધોળ પણ લખ્યાં છે. આ ગોકુલદાસ ભાઈએ મિશ્રભાષામાં **મંદિરં સુંદરં** નામે અષ્ટક લખ્યું છે, જેમાં શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપનું વર્ણન છે, તેમના પ્રાકટ્યરસ ઉત્સવમાંથી **માંગલ્ય દિવસ સોભાગી ઉત્સવ તણો** એ માંગલ્ય આપણે નીચે માણીશું. વધું માહીતી પ્રાપ્ય ન હોવાથી આટલુંજ આલેખી રહ્યાં છીએ.

પ્રાગટ્ય રસ - ઉત્સવ ગ્રંથમાંથી

માંગલ્ય દિવસ સોભાગી ઉત્સવતણો, ઉત્સાહ સમય સરવરી સુખરાસજી;
વલ્લભવર ભરણી રસ ભક્તનાં, ભક્ત વલ્લભરસપૂર્ણ આશજી. ૧.
ભક્તનાં જૂથ જૂથ તે ચાલીયાં, ગલી સૌભાગી સકલ સોહાવીજી;
રસિક રમણીએ કોને રંજિત તેહમાં, ઉદ્યોત થયો સહજ સુભાવીજી. ૨
ઠામોઠામ દીપ અજવાલ્યા એ, દ્વારે દ્વારે ધર્યા તે રાજેજી;
બંદનવાર ચિત્ર માંગલ્ય નિધિ, તે એણે સમય અધિક બિરાજેજી. ૩

નિજ મંદિર દ્વારેથી ન ગલીગલી, ભીડ તે ભક્ત તણાં બહુ વૃન્દજી;
આવે માંગલ્ય માંગલ્ય ગાતા તે, માતા સ્નેહ તણે મકરંદજી. ૪
શોભાને સુખની પરમાવધિ, એમ આવી પહોંચ્યા નિજધામજી;
આગળથી આવ્યાં તે રહ્યાં જુએ, આવે ભક્ત ભર અભિરામજી. ૫
ભક્તરાજ મહાભાગ્યરાસ સોભાગીઆ, સંગે છે જે સ્વકીય સમાજજી;
કીર્તનને રસે અતિ રસ વાધતો, ઉત્સાહે છૂટી ગઇ લાજજી. ૬
.........વગેરે એવા અનેક માંગલ્ય પદો આ ગ્રંથમાં ગોકુલદાસ ભાઇએ વર્ણન કર્યો છે.

આવા ભગવદીયો ગોકુલદાસ નાગર અને વેણીદાસ નાગરના ચરિત્રોનો કઇ ન આવે પાર, તેથી કેટલું કહીએ. પણ હા ! આપણે જ્યારે આ પદોનું અવગાહન કરીએ, ત્યારે આપણને શ્રીગોકુલેશ પ્રભુની સુધી-પ્રીતિ, યથાર્થ સ્વરૂપની સમજ અવશ્ય પ્રાપ્ત થાય.

આ સાથે આપણે સૌ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજે ગઇકાલેજ **શ્રીગુરુદેવ શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી**નો જન્મદિવસ ખૂબજ ઉત્સાહથી ઉજવ્યો. અને હવે વ્રજ નૂતન વર્ષ ની પણ આપ સર્વેને અભિનન્દન. સાથેજ **શ્રીવિઠ્ઠલેશ-ષષ્ઠકુમાર શ્રીયદુનાથજી**નો ઉત્સવ ચૈત્ર સુદ ૬ને દિવસે છે અને **શ્રીરામ નવમી**ની આપ સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક-સમાજને વધાઇ. **શ્રીમહાપ્રભુજીના ઉત્સવ** પણ હવે આવી રહ્યો છે, તેની પણ આગમ વધાઇ.

વધાઇ વધાઇ વધાઇ

राग सारंग :- **श्रीवल्लभ श्रीवल्लभ श्रीवल्लभ गुण गाऊं; निरखत सुंदर स्वरूप वरखत हरिरस अनूप द्विजवर कुलभूप सदा बलबल जाऊं ।। १ ।। अगम निगम कहत जाहि सुरनर मुनि न लहे ताहि सकल गुणनिधान पूरण उर लाऊं; गोविन्द प्रभु नन्दनन्दन श्रीलक्ष्मणसुत जगतवन्दन सुमरत त्रयताप हरत चरणरेणु पाऊं ।। २ ।।**

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

ભાવત્કઃ-
દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા
રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીરસિક રસ ચરિત્ર

બાલલીલા

...ગતાંકથી આગળ

ભીતર નિજ મન્દિર માહાં પધરાવ્યા છે રાજજીરે ॥
ત્યાહાં આવી મલીયો સરવે સમાજજીરે ॥ ૧ ॥
રસભાવે ભરીયાં એહ ભક્ત છે જેહ જીરે ॥
વાહાલાને શ્રૃંગાર કરાવે છે તેહ જીરે ॥ ૨ ॥
કેસર સોંધઅ જુત આણી તેપાગ જીરે ॥
મસ્તક બાંધે ભર્યા અતિ અનુરાગ જીરે ॥ ૩ ॥
પેચ સમારી દે છે થઈ ને પ્રસન્ન જીરે ॥
જાણે પોતાનુ લપટે છે મન જીરે ॥ ૪ ॥
કેસર ભરી ઝગુલી પેહેરાવે કરી ચાવ જીરે ॥
અન્તર માહે આલિંગન કર્યો ભાવ જીરે ॥ ૫ ॥
તિલક કર્યું કેસરનું એહ વિશેષ જીરે ॥
સરવસ આયીને લખી આપ્યો છે જાણે લેખ જીરે ॥ ૬ ॥
પટકા સાથે વાધ્યું મન પોતાનું ત્યાહાં જીરે ॥
જેપુરુ જટિત ધરાવે પદ કમલ માહે જીરે ॥ ૭ ॥
નખમણી માહાં પ્રતિવિંવે પોતાનું મુખચંદ જીરે ॥
રસ વિવશે જાણે કો નાયકાના વૃન્દ જીરે ॥ ૮ ॥
ચૂડો પહેરાવેને વાજુ બંધ જોડ જીરે ॥
ઓપે શ્રીકરને આલિંગનની અકોર જીરે ॥ ૯ ॥
અલકાભર્ણ ધરાવ્યું તે જ્યોતે જુત લલકે જીરે ॥
અચાનક અલક મેઘ માહાં જેમ દામિની ચલકે જીરે ॥ ૧૦ ॥

શ્રીરુક્મિણીજી દ્વારા લાલન-પાલન :-

આપણે આગળ જોયું કે જાતકર્મ અને નામકરણ વગેરે ક્રીયાઓ કર્યા પછી શ્રીગુસાંઇજી તથા શ્રીરુક્મિણીજી પોતાના બાળકને અનેક પ્રકારનાં લાડ લડાવવા લાગ્યાં. નિત્ય પ્રાતઃકાલે શ્રીરુક્મિણીજી ઊઠી પોતાના બાળકને સુગંધીવાળા તેલ-ફૂલેલથી ઉબટણું કરી ઉષ્ણોદક જલથી સ્નાન કરાવે, ત્યાર પછી અંગ વસ્ત્ર કરી શ્રૃંગાર વગેરે ધરે.

રાગ દેવગંધાર :- પાઉં ધરત પિય વલ્લભલાલ ।।

કરિ સ્નાન પ્રાત ભીતરકો આગે દીપ ઉજાલ ।। ૧ ।।

લટકત ચલત ચતુર નાગર વર ચિતવન નેન વિસાલ ।।

અવલોકત તિરછી ચંચલ ફૂલત તનમન વ્રજબાલ ।। ૨ ।।

સાજ સીંગાર ધોતી ઉપરેના દિયો તિલક નિજ ભાલ ।।

જૂરા ગ્રીવા પર લટકત ઉર ગુંજા તુલસી માલ ।। ૩ ।।

અદ્‌ભૂત રૂપ અનૂપ નવલ છબી અંગ અંગ રસિક રસાલ ।।

ગોકુલેશ નેના ભરિ ભરિ નિરખે ગોકુલ-જન-પ્રતિપાલ ।। ૪ ।।

પ્રાતઃકાલથી પ્રભુના ઊઠતાં પહેલાં અનેક ભક્તજન દ્વારે આવી દર્શન માટે રાહ જોતાં. પ્રભુના જાગ્યાં પછી કેટલાંક દર્શન કરી ગૃહકાર્યાર્થે પાછાં જતાં, પણ કેટલાંક ભાવિક અને અનુભવી ભક્તજનતો પોતાનું ભાગ્ય માની શ્રીગોકુલેશજીને ખેલાવવામાં અને ઝુલાવવામાં બનતો ભાવ લેતાં અને તેથી પ્રાતઃકાલથી શ્રીગુસાંઇજીના આંગણામાં ભકતજનની ભારે ભીડ મચી રહેતી હતી. જ્યારે શ્રીરુક્મિણીજી પોતાના બાલકને સ્નાન કરાવે છે, શ્રીગોકુલેશજી પોતે સ્તનપાન કરતાં વેળાએ માતાજીનું શ્રીમુખ નિરખે છે, અને હુલસિને મરકલડા કરે છે, તે જોઇ શ્રીરુક્મિણીજી સુખ પામે છે, વળી સ્તનપાન કરે નહિં, અને પોતે મનમાં હરખે છે. કોઇ સમય માને નહિં અને હઠ કરે, શ્રીરુક્મિણીજી પણ કપટથી રીસ કરે છે. વસ્ત્રાભૂષણ ધરાવવાં તથા સ્તનપાન કરાવવું વગેરે કાર્યોમાં રોકાતાં ત્યારે આસપાસના ભક્તજનોમાંથી કોઇ ગાતાં, કોઇ દર્શન કરતાં તથઅ કોઇ શ્રીઅંગનો સ્પર્શ કરતાં તથા જ્યારે શ્રીરુક્મિણીજી ગૃહકાર્યમાં અથવા ભગવત્સેવામાં પધારતાં ત્યારે એઓ શ્રીગોકુલેશજીના ઉત્સંગમાં લઇ પ્રેમપૂર્વક ખેલાવતાં અથવા પારણામાં પોઢાડી ઝુલાવતાં. આ પ્રમાણે રસિક ભક્તજન (ભગવદીયો) પોતાનો ઘણોખરો સમય પોતાના

શ્રીગોકુલેશજીના પાસે જ ગાળતાં અને એ દ્વારા પોતાના અનેક પ્રકારના સેવાના મનોરથો સિદ્ધ કરી જન્મહેતુ સફળ કરતાં. આ પ્રમાણે પ્રાતઃકાળથી રાત્રે પોઢતાં સુધી શ્રીગોકુલેશજીની સેવામાં થોડાં ઘણાં ભક્તજન નિરંતર રહેતાં. આ ભક્તજન હંમેશ આવતી વખતે પોતપોતાને ઘેરથી શ્રીપ્રભુને આરોગવા તથા ખેલવા માટે અનેક પ્રકારની સુંદર વસ્તુ-સામગ્રીઓ લાવતાં અને એ શ્રીગોકુલેશ પ્રભુની આગળ ધરી આપશ્રીને રીઝવવાનો પ્રયત્ન કરતાં.

માસિક ઉત્સવ :-

દર મહિનાની સાતમે જન્મોત્સવ કરવામાં આવતો. આ પ્રકાર વર્ષગાંઠ સુધી ચાલ્યો. પછી એ ઉત્સવ દર વર્ષે જન્મતિથિએ થતો. જેને મહોત્સવ, મહાઓચ્છવ, મહા-ઉત્સવ કહેવાય છે. આ ઉત્સવ વખતે શ્રીગોકુલેશજીને કેસર-સ્નાન તથા આરતી વગેરે કરવામાં આવતાં. દરેક વખતે જ્ઞાતિ વર્ગ તથા ભક્તજનોને પ્રસાદ લેવડાવવામાં આવતો તથા નાતમાં અમુક વસ્તુની લ્હાણી કરવામાં આવતી. પ્રથમ માસે માલપુઆને ગોળ, બીજે માસે અળદના લોટની સામગ્રી, ત્રીજે માસે સેવ તથા વેસણના લાડું, ચોથે માસે માટ, પાંચમે માસે ગુંજા, છઠ્ઠે માસે દહીંવડા, સાતમે માસે ફેણી, આઠમે માસે બાબર, નવમે માસે ઈદસી, દસમે માસે માડા, અગિયારમે માસે ખાજાં, તથા બારમે માસે ગનોડા લાડુ, આખી નાતમાં વહેંચવામાં આવ્યા. પછી પાંચ વર્ષ સુધી જન્મતિથિએ આ ઉત્સવ થયો ત્યારે નાતમાં ગનોડા લાડુ વહેંચાતા. પાંચ વર્ષ પછી આ ઉત્સવ માર્કંડેયપૂજા તથા બ્રહ્મભોજન થતું.

રાગ ભૈરવ :- શ્રીગોકુલેશ શ્રીગોકુલેશ ગાઇએ ।।

મન વચન કર્મ કરિ નિશદિન આઠૌ જામ, શ્રીગોકલેશ સુંદર સ્વરૂફ ઉર લઈએ ।। ૧ ।।

તબહી હોઇગૌ મનોરથ બહુ વિધિ, શ્રીગોકુલેશચરણ નિરન્તર ધાઈએ ।।

વલ્લભદાસ પ્રભુ શ્રીગોકુલેશકે દિયૈ, યહ લોક પરલોક મહાસુખ પાઈએ ।। ૨ ।।

અન્નપ્રાશન :-

બેસતાં શીખ્યા પછી સં. ૧૬૦૯ના જેઠ સુદિ ૯ના રોઝ અન્નપ્રાશનનો એટલે પ્રથમ અનાજ અરોગાવવાનો ઉત્સવ કર્યો. આ ઉત્સવમાં અનેક જાતની મીઠાઇઓ વગેરેની સામગ્રીઓ તથા ગુંજા સુવર્ણ મોતી અને તુલસીની માળાઓ તથા વસ્ત્રો તૈયાર રાખવામાં આવ્યાં હતાં. શ્રીભાગવતજીની હસ્ત લિખિત

પોથીજી પણ પધરાવવામાં આવી હતી. સાથે જ આ દિવસે ઉત્સવને લાયક મંડપ તૈયાર કરી એને તોરણ વગેરેથી શણગાર્યો. આંગણામાં સાથિયા તથા ચોક પૂર્યા. આ વખતે સૌથી પ્રથમ ક્રીયા વૈદિક મન્ત્રોથી થઇ અને પછી પરિવારજન, જ્ઞાતિવર્ગ તથા ભક્તજન એકત્રીત થઇ સુંદર માંગલિક ગીત ગાવા લાગ્યાં. પછી મંડપમાં વિધિ પ્રમાણે વેદી રચી. શ્રીગુસાંઇજી તથા શ્રીરુક્મિણીજી છેડા ગાંઠી વેદી આગળ આનન્દથી પધાર્યા. શ્રીગોકુલેશજી શ્રીમાતૃચરણની ગોદમાં બિરાજ્યા અને આંગણામાં અનેક પ્રકારની સામગ્રી ધરી. પછી શ્રીગોકુલેશજીને અન્નપ્રાશન કરાવ્યું. ભોજન કરાવ્યા પછી શ્રીમુખમાં બીડું ખાંડીને ધર્યું, પછી આરતી કરી.

ભવિષ્યદર્શી બાલચેષ્ટા :-

ત્યાર પછી બાળકનું તાત્પર્ય જાણવા, કેટલીક વસ્તુઓ મૂકી વચમાં એમને પધરાવી એઓ આતુરતાથી શ્રીગુસાંઇજી, શ્રીરુક્મિણીજી તથઅ કેટલાંક ભક્તજન આસપાસ ઊભાં છે. શ્રીગોકુલેશ પ્રભુએ પ્રથમ સામું જોઇ સૌનાં મન હરણ કર્યા, પછી ઘુંટણીએ ઘસડાતા બાલ શ્રીગોકુલેશજી ત્યાં ઊભેલાં સર્વ સમાજ તરફ ફરી દ્દષ્ટિ ફેંકી. તેથી સૌ સમાજનું મન આપશ્રીના સ્વરૂપ તરફ ખેંચાયું. એક રસિકભક્ત સ્ત્રીજનનો અંચલ પકડીને તેમના મુખને બાલસ્વભાવે ચુંબન દીધું અને, શ્રીભાગવતની પોથી લીધી, પછી તુલસીની માલા લઇ મંદિર તરફ પધાર્યા. આ પ્રમાણે શ્રીમદ્ ભાગવતની પોથી અને માલા વગેરે ગ્રહણ કરી સૂચન કર્યું કે જે માર્ગ સ્વેચ્છાથી પ્રકટ કરાવ્યો છે તેનાં પોષણ તથા રક્ષણ માટે પોતાનું પ્રાકટ્ય છે. આ જોઇ આસપાસ ઠાડા શ્રીગુસાંઇજી, માતા શ્રીરુક્મિણીજી, અને સૌ ભક્તજન વગેરે સર્વ આનન્દ પામ્યાં. ત્યાં એકત્રીત થયેલ સર્વ મનુષ્યો તથા જ્ઞાતિજનોને ભોજન કરાવી બીડાં, પછી દાન, દક્ષિણા તથા પહેરામણી આપી સર્વને યોગ્ય સત્કાર સાથે વિદાય કર્યા. જતી વખતે એ સઘળાંઓ શ્રીગુસાંઇજીના શ્રીહસ્તમાં મન્ત્રાક્ષત (મન્ત્રેલા અક્ષત્) મૂક્તાં. અને શ્રીગુસાંઇજીએ અક્ષતને ઉપરણામાં લઇ શ્રીગોકુલેશજીના શ્રીમસ્તકે ધરતા.

જીરે કો એક રસાત્મિક નાયિકા તેનું પિતાંબર ગ્રહી લીધુંજી,
જીરે રસભાવે બેહુ કપોલ ગ્રહી તેહને મુખમાંહાં ચુંબન કીધુંજી. ૧૮૬
જીરે પછી પોથી સાહી પ્રેમે કરી અને શ્રીભાગવત તણીઅજી,
જીરે માલા તુલસીની લીધી પોધાર્યા મંદિર ભણીઅજી. ૧૮૭

જીરે મારગ પ્રગટ કરાવીઓ મન વાંછિત પોતેથીઅજી,
જીરે તે અનુકરણ જણાવીઓ એણી પેરે સૂચન કરીઅજી. ૧૮૮
જીરે એ જોઇ સહુ ભક્તને મનમાંહે મોદ તણી નહીં પારજી,
જીરે પરસ્પર તાલી દેઇ દેઇ અને હસે તે વારંવારજી. ૧૮૯

જ્યારે શ્રીવિઠ્ઠલેશજીએ આ બાળકને શ્રીભાગવત, તુલસીમાલા લઇ મન્દિર તરફ જતાં જોઇ ત્યારે તેમના મનમાં સ્ફૂરણાઓ થઇ તે કવિ નીચે મુજબ જણાવે છે.

જીરે શ્રીગુસાંઇજી શ્રીરુક્મિણીએ દીઠા એ પ્રકારજી,
જીરે અગણિત આનન્દ ઉપન્યો મન મોદ તણો નહીં પારજી. ૧૯૧

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઇજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું ચોથું નામ **कृपानिधिः**[४] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં જો આપણે અનુસંધાન કરવું હોય તો આપણે કૃપાનિધિને દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ આ નામની પ્રતિતી થાય. कृपया करुणं सती (१०-४-४), शिशवः पापकोपमाः (१०-४-५), भुवि भौमानि भूतानि (१०-४-१९), स हि सर्वसुराध्यक्षो (१०-४-४२).

આમ જો શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને શ્રીગુસાંઇજી દ્વારા પ્રકટિત નામો દ્વારા સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતનું પણ અનુસંધાન રાખવું જરૂરી બને છે. કારણકે આપણે જોઇ ગયા કે શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણાસ્ય છે, તેથી શ્રીકૃષ્ણને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવત છે, અને આપશ્રીના આસ્યને પણ જાણવું હોય તો

શ્રીમદ્ ભાગવતનું અનુસંધાન જરૂરી બને છે. શ્રીગુસાંઈજીએ એક એક નામને ખૂબજ યોજના-બદ્ધ રીતે પ્રગટ કર્યાં છે. આ નામો જે શ્રીગુસાંઈજીએ પ્રગટ કર્યાં તે સ્વતંત્ર નહીં, પણ એક પછી એક ને જોડે છે, ક્રમ -બદ્ધ છે. જેમ ગયાં વખતે આપણે જોયું કે **શ્રીમહાપ્રભુજી કૃપાના નિધિ છે, ખજાનો છે कृपानिधिः સ્વરૂપ છે**. હવે મનમાં એક સંદેહ ઉત્પન્ન થાય કે જો શ્રીમહાપ્રભુજી કૃપાનિધિ છે, તો પછી આ કૃપા કોની ઉપર વર્ષાવવા માંગે છે ? આપશ્રી એવા કયા જીવ છે કે, જેમના માટે શ્રીમહાપ્રબુજીને ભૂતલ ઉપર પ્રાગટ્ય લેવું પડ્યું ? આવી જ્યારે શંકા થાય તો ત્યાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે આવું સંદેહ કરવું ન જોઈએ. તેના સમાધાનમાં આપશ્રી શ્રીમહાપ્રભુજીનું પાંચમું નામ પ્રકટ કરે છે : **दैवोद्धारप्रयत्नात्मा**[५] શ્રીમહાપ્રભુજી કેવળ દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા છે - દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રયત્નાત્મા છે - દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે. અન્ય માટે નહીં.

आनन्दः[१] **परमानन्दः**[२] **श्रीकृष्णास्यं**[३] **कृपानिधिः**[४] ।।
दैवोद्धारप्रयत्नात्मा[५] **स्मृतिमात्रार्तिनाशनः**[६] ।। ७ ।।

ભાવાર્થ :- આનંદ, પરમાનન્દ, શ્રીકૃષ્ણાસ્ય (શ્રીકૃષ્ણનું મુખ), **કૃપાનિધિ (કૃપાના નિધિ-ખજાના)**, દૈવોદ્ધા-પ્રયત્નાત્મા (દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે), સ્મૃતિમાત્રાર્તિનાશન (સ્મરણ માત્રથી ત્રિવિધ તાપનો નાશ કરનાર). ૭

दैवोद्धारप्रयत्नात्मा[५] **: દૈવોદ્ધા–પ્રયત્નાત્મા (દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે).**

રાગ : બસન્ત

દૈવોદ્ધારપ્રયત્નાત્માકૌં આધી નિમિષ ન બિસરાઉં ।।
ચિતમેં ચિન્તન કરૌં અહર્નિસિ ઉર આનન્દ ઉપજાઉં ।। ૧ ।।
ઔર દ્વન્દ જિય જાનિ છાંડિ દૈ શ્રીવલ્લભ - ગુન ગાઉં ।।
મેરૌ સર્વસ સુભગ મૂરતિ બિનુ કહૂં ન સીસ નવાઉં ।। ૨ ।।
વચનામૃત સુબોધિની સુનિકે શ્રીવલ્લભ ઉર લાઉં ।।
ગોદ પસારિ માંગત **ગોવિન્દ** જન ચરનકમલ-રજ પાઉં ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા (દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે) दैवोद्धारप्रयत्नात्मा[५]**: છે.**

મૂળ ટીકાનો ભાવાર્થ :- દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા : જેમના ઉપર કૃપા કરવાની છે તે કોણ, કે જેમના માટે અલૌકિક (પુરુષ)માં પ્રાકટ્ય ન કરતાં, લૌકિક (પુરુષો)માં પ્રાકટ્ય કર્યું ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી જેમના ઉપર કૃપા કરવાની છે તેમને દૈવોદ્ધાર પ્રયત્નાત્મા નામથી જણાવે છે. દૈવો એટલે ભગવાનને

કહેલી દૈવી સૃષ્ટિમાં પ્રકટ થયેલા જે જીવો તેઓ માટે; પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલા જીવો, એવો અર્થ છે. તેમનો ઉદ્ધાર કરવાનો જે પ્રયત્ન, તેમાં છે આત્મા, એટલે અંતઃકરણ જેમનું તે. દૈવસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાને મુક્તિરૂપ ફલ પ્રાપ્ત થાય તે માટે, વેદ-પુરાણમાં કહેલાં સાધનો પ્રસિદ્ધ જ હોવાથી, શ્રીમહાપ્રભુજીનાં પ્રાકટ્યનું શું પ્રયોજન? એવી શંકા થાય, તો બરાબર, ભગવાને પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગના ભેદથી જીવોનો અંગીકાર કરેલો હોવાથી, મર્યાદામાર્ગનું ફલ પ્રાપ્ત કરાવનારાં પહેલાં (ઉપર) કહેલાં સાધનો ભલે મર્યાદામાર્ગનું ફલ પ્રાપ્ત કરાવે; શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગવાળાને મુક્તિફલથી ઉત્તમ સાક્ષાત્ ભગવાનનો સંબંધ જ ફલ હોવાથી (અને) તેનાં સાધનો બીજે સર્વત્ર પ્રસિદ્ધ નહિં હોવાથી માત્ર શુદ્ધ પુષ્ટિમાર્ગથી જ પ્રાપ્ત થાય તેવા હોઇ બીજાને તેનું જ્ઞાન ન હોવાથી, આ માર્ગવાળાઓનો ઉદ્ધાર જ ન થાય, એટલે આ માર્ગ પ્રકટ કરવાનું નિરર્થક થાય. તેથી જેમ આ માર્ગવાળાને ફલ પ્રાપ્ત થતાં (તેમનો) ઉદ્ધાર થાય, તે માટે શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય થયું છે, એમ જણાવવા દૈવોદ્ધાર પ્રયત્નાત્મા, એ નામ કહેલું છે. દૈવો એટલે પુષ્ટિમાર્ગીય જીવો, એવો અર્થ છે.

સરળ સમજૂતી :- શાસ્ત્ર રચનાઓ દ્વારા આપશ્રીએ માયાવાદનું નિરાકરણ, અન્ય વાદોનો નિરાસ, બ્રહ્મવાદની સ્થાપના, નિર્ગુણ ભક્તિવાળા પૃથકશરણમાર્ગની સ્થાપના અને આ ભક્તિમાર્ગનો સુસ્થિરતા માટે સેવનીય સ્વરૂપોને પ્રગટ કરી સેવામાર્ગનું નિર્માણ કર્યું છે. માનસી સેવાની સિદ્ધિ અર્થે તનુજા-વિત્તજાના સેવા પ્રકારનો ઉપદેશ કર્યો.

જુદા જુદા સ્થળે રહેતાં દૈવીજીવોના ઉદ્ધાર માટે તે દેશ, કાળ અને પ્રકૃતિના અધ્યયનનો મહાન પ્રયત્ન કેવળ અગિયાર વર્ષની લઘુવયમાં કર્યો. ત્રણ ત્રણ વખત ખુલ્લા શ્રીચરણાર્વિંદે પૃથ્વી (ભારત) પરિક્રમામાં આપશ્રીએ દેશ-કાળ-મન્ત્ર વગેરેના સ્વરૂપ જ્ઞાન સાથે જીવોના પ્રકૃતિજન્ય સત્વ-રજ અને તમ ધર્મોને પણ આપે નિહાળ્યા.

આ રીતે સદોષ જીવોને નિર્દોષ કરી આપશ્રીએ તેવા જીવોનો ઉદ્ધાર કર્યો. દૈવીજીવોના ઉદ્ધાર માટે પ્રયત્નયુક્ત છે, અન્તઃકરણ જેમનું એવા શ્રીમહાપ્રભુજી છે.

તેમાં દૈવી સૃષ્ટિના જીવ બે પ્રકારના છે. તો કેટલાક તો એવા છે કે જેમનો સાધન રીતિથી ઉદ્ધાર છે. જો સાધન કરે તો ઉદ્ધાર થાય. તેઓ તો વેદ-પુરાણમાં જે સાધન કહેલાં છે તે સાધનો કરવાથી કૃતાર્થ થશે. તેમના માટે તો શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય નથી. દૈવીજીવોમાં બીજા પુષ્ટિમાર્ગીય જીવ છે તેમનો ઉદ્ધાર શ્રીઠાકોરજી મર્યાદામાર્ગના સાધન (કરાવ્યા વીના) વગર જ કરશે. તો તેવા જીવોનો તો સાક્ષાત્ શ્રીઠાકોરજી સાથે સ્વરૂપસમ્બન્ધ જ ફલ છે. તે ફલના સાધન વેદ-પુરાણમાં તો છે નહિં. તે (સાધન)તો

શુદ્ધપુષ્ટિમાર્ગીય હોય તેને જ જ્ઞાન થાય, બીજાઓને ન થાય. જો શ્રીમહાપ્રભુજી આપ પ્રગટ ન થયા હોત તો પુષ્ટિમાર્ગ વૃથા બની જાત, તેના માટે શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય છે તો આ બતાવવા માટે દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા આ નામ શ્રીગુસાંઇજીએ કહ્યું છે.

શ્રીમહાપ્રભુજી દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે દૈવોદ્ધારપ્રયત્નાત્મા' : સ્વરૂપ છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૧૦. સેવા તથા માનસી સેવા - પ્રતિબન્ધ વિચાર

અબ શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હૈ : વૈષ્ણવનકો દશમો લક્ષણ કહત હે જો, શ્રીઠાકોરજીકી સેવા કાહુકે ભરોસે ન રાખની. અપને માથે સેવ્ય સ્વરૂપ હોય તિનકી સેવા આપુહી કરની. ઉત્સવાદિક નિત્ય સમય અનુસાર અપેન વિત્ત સમાન વસ્ત્ર આભૂષન ભાંતિ ભાંતિકે મનોરથ કરને. પ્રસન્ન હોયકે સામગ્રી કરની. શ્રીઠાકોરજીકે નિત્ય નૌતન ઉત્સવ જાનિકે પ્રસન્ન રહેનો. ઔર સામગ્રી જો ઉત્સવમેં અપને ઘરકી કહી હે સોઇ રીતિ પ્રમાને યથાશક્તિ પ્રીતિ પૂર્વક કરની. જો દ્રવ્ય હોય તો શ્રીઠાકોરજીકે કાર્યમેં લગાવનો. કૃપણતા નાહીં કરની. ઓર ભગવત્સેવા કરિકે શ્રીઠાકોરજીપેં કછુ લૌકિક માંગનો નાહીં. યા રીતિસો નિષ્કામ હોય કે શ્રીઠાકોરજીકી સેવા કરની.

વૃદ્ધ હોય, સૂતકી હોય, વૃદ્ધિ હોય ઔર રોગાદિ પ્રતિબન્ધ આય પરે તો આપુન સ્વજાતિ વૈષ્ણવપેં સેવા કરાવની ઔર અપનો સ્વજાતિ વૈષ્ણવ ગામમેં ન હોય તો બ્રાહ્મણ વૈષ્ણવ ખાસ મર્યાદી હોય તાકો કછુ દ્રવ્યાદિક દેકે કરાવે. ઔર જો મર્યાદી વૈષ્ણવ ગામમેં ન હોય ઔર ભારી પ્રતિબન્ધ પડે તો નામધારી વૈષ્ણવસો કરાવે. પટ-વસ્ત્રકી થેલી હાથમેં પહરાયકે શ્રીઠાકોરજીકી સેવા કરાવની. **સાક્ષાત્ શ્રીઠાકોરજીકો સ્પર્શ તો ન કરાવનો**, *ઔર યાકે હાથકી સખડી-અનસખડી શ્રીઠાકોરજી આરોગે. પરંતુ આપુન નાહીં લે.* બડો પ્રતિબન્ધ આય પડે તો લેનો. *પ્રતિબન્ધ છુટે તબ એક વ્રત કરે તથા ભેટ કરે તબ શ્રીઠાકોરજીકો સ્પર્શ*

કરે. ઔર અન્યમાર્ગીયતેં શ્રીઠાકોરજીકી સેવા સર્વથા ન કરવાની. નામધારી હુ ન મિલે તો આપુ કોરી સામગ્રી પટવસ્ત્રસોં ધરે. શ્રીઠાકોરજી પોઢેહી આરોગે. પરંતુ ઔરસો સર્વથા સેવા ન કરાવની.

જો શરીર સર્વથા ન ચલે તો શ્રીઠાકોરજીકો ગામકે વૈષ્ણવ તથા ઔર ગામકે વૈષ્ણવકે ઘર પધરાવનો. મન કરીકે તાપ કરે. જો ભગવદ્ સેવા ન હોય તબ મન લગાયકે માનસી સેવા કરીએ યા પ્રકારસો-પહેલાં સેવા કરી હોય તાહી પ્રકારસો અપને મનમેં સેવા કરીએ. માનસી સેવાકો પ્રકાર યહ હે: અપને મનમેં શ્રીઠાકોરજીકો ધ્યાન કરીકે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી કે બાલકનસો બ્રહ્મસંબંધ કીનો હોય તે શ્રીગુરુકો, સપ્તાચાર્યકૌ દંડવત્ નમસ્કાર કરે પાછે મનહી કરીકે મંગલ ભોગ ધરીકે મંગલા આરતિ કરે. પાછે અભ્યંગ-સ્નાન-અંગવસ્ત્ર-આભૂષન ઋતુકે અનુસાર કરે. યા પ્રકાર રાજભોગ-ઉત્થાપન સેન પર્યંતકી ભાવના કરે. પરંતુ મનમેં સંતોષ નાહીં રાખે. યહ જો મોસો સાક્ષાત્ સેવા કબ વિનિયોગ હોય હે. યહ તાપ કરે યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કીયે હે. ઈતિ દશમો પ્રસંગ. ૧૦

..ક્રમશઃ

।। ઈતિ શ્રીગોકુલનાથજીકૃત દશમો વચનામૃત સંપૂર્ણમ્ ।।

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

વ્રજદાસ

પરમકૃપાપાત્ર ગોકુલભાઈજીના બીજા પુત્ર હતા. તેમનો જન્મ વિ.સં.૧૬૮૯માં થયો હતો. બાલ્યવયથી જ શ્રીગોકુલેશ પ્રભુચરણમાં સ્વરૂપાસક્ત બન્યા હતા.

તેઓ એક ઉત્તમ કવિ હતા અને અનેક ધોળ-પદોની રચના કરી છે. તેમણે રચેલું નીચેનું પદ શ્રીગોકુલેશ પ્રભુમાં અનન્ય ભાવવાળી સૃષ્ટિમાં ખૂબજ પ્રચલ્લિત છે. અને અદ્યાપિપર્યન્ત ગવાય છે

શ્રીવલ્લભ પ્રગટે ભાગ્ય હમારે

ભયે મનોરથ મનકે ચિતે, શ્રીરુક્મિણીલાલ નિહારે ।। ૧ ।।

કહીન જાત અંગો અંગકી શોભા, ઉમડી રસકી ધારે;

શ્રીગોકુલપતિકી યા છબી પર વ્રજદાસ અપનપો વારે ।। ૨ ।।

વ્રજદાસ શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય કૃપાપાત્ર સેવક હતા. તેમના ભાવનું કેટલું વર્ણન કરીએ, તે કરતાં પાર ન આવે.

વ્રજદાસજીએ રચેલ શ્રીગોકુલેશજીનું હીંડોરાનું પદ

હીંડોરે માઈ ઝૂલત વલ્લભલાલ;

ગોકુલેસ પૂરન પુરુષોત્તમ, ભક્તનકે પ્રતિપાલ ।। ૧ ।।

દ્દષ્ટિ છબીલી ચિતવન ચહુંદિસ, હરત તિમિર કલિકાલ;

મુસકનિ ચારૂ વચન કમલકી, કેશર તિલક સુભાલ ।। ૨ ।।

વલ્લભ નિરખત અતિ બાઢ્યૌ, ગાવત ગીત રસાલ;

કહે મોહનસુત યહ દેખત, પ્રેમમુદિત વ્રજબાલ ।। ૩ ।।

નાગરદાસ

પરમકૃપાપાત્ર ગોકુલભાઈજીના આ ત્રીજા પુત્ર હતા. તેમનો જન્મ વિ.સં. ૧૬૯૨માં થયો હતો. બાલ્યવયથી જ શ્રીગોકુલેશ પ્રભુમાં સ્વરૂપાસક્ત બન્યા હતા. આથી વતન ત્યજી શ્રીગોકુલમાં આવી શ્રીગોકુલેશજીના નિકટ સ્થિરવાસ કર્યો હતો. શ્રીગોકુલેશ પ્રભુચરણના પ્રપૌત્ર શ્રીવ્રજપ્રતિ પ્રભુચરણ (પ્રાગટ્ય સં. ૧૬૯૩)ના તેઓ સમવયસ્ક હતા. શ્રીવ્રજપતિજીની તેઓ ઉપર પૂર્ણ કૃપાદૃષ્ટિ પણ હતી.

તેઓ કાવ્યશાસ્ત્રમાં નિપુણ હતા. તેમણે વિરહરસ, જ્ઞાનપ્રભોધ અને ભજનાનન્દ ગ્રંથોની રચના કરી છે.

વળી ભરૂચના હરિદાસભાઈના બેટી ગોમતીબાઈએ શ્રીગોકુલેશજીના સ્વરૂપનું સુંદર વર્ણન કરતો કમનરસ નામે પચાસ માંગલ્યનો એક ગ્રંથ રચ્યો હતો, પરંતુ ગોમતીબાઇ શ્રીગોકુલેશજીના નિત્યલીલામાં પહોંચી જતાં, આ ગ્રંથ અપૂર્ણ રહ્યો હતો. આ અપૂર્ણ ગ્રંથ પરમ ભાગ્યવાન ભગવદીયોની પ્રેરણાથી નાગરદાસભાઈએ તેના અંતિમ છ માંગલ્ય રચી, આ કમનરસ ગ્રંથ પૂરો કર્યો હતો.

નાગરભાઈએ સ્વાનુભવથી શ્રીગોકુલેશ પ્રભુના અનેક ધોળ-પદ રચ્યાં છે તથા શ્રીગોકુલેશજીના પરમ કૃપામાર્ગને સુવ્યવસ્થિત કર્યો છે. તેઓ શ્રીગોકુલેશજીના કૃપાપાત્ર અને સ્વરૂપાસક્ત ભગવદીય હતા.

...ક્રમશઃ

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઈલાલભાઈ શેઠ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



શ્રીધોલ પદ

શ્રીમહાપ્રભુજીનો જન્મોત્સવ

ફૂલેલ શ્રીમસ્તકે ધરી, કેસરે અતિ રુચિ નાહીં;
નિજ ભક્તભાવ અંગીકારે, કરૂણા સહિત તે ચાહિ ।। ૧ ।।
ધોતી ઉપરણો પછે ધરે, કેસરી કિનારી સોહે;
છોટી છોટ કેસરતણી, બિચ્ચ ચોઆ બિન્દુ મન મોહે ।। ૨ ।।

સામગ્રી બહુ ભાંત્યની, એકાદશીની થાય;

ઉછાહ શું આરોગિઆ, પરિવારેં સહિત સોહાય ।। ૩ ।।

પછે ગાદી તકિયેં બિરાજીને, શ્રીમુખેં કહે તે વાત;

શેઠ પુરુષોત્તમદાસ જે, ચોપડા તેહની જાત્ય ।। ૪ ।।

તે જન્મદિન આચાર્જ્યજીનો, કરે ઉત્તમ રીત્ય;

ભગવદી સહુને લેવારે, કરિ સામગ્રી બહુ પ્રીત્ય ।। ૫ ।।

અતિ પ્રસન્ન થઇ વાતએ, શ્રીમુખે કહી બહુવાર;

પછે તિલક ભેટ્ય થાએંવલી, કીર્તન હોએ અપાર ।। ૬ ।।

વૈશાખ વદિ એકાદશી, જે પ્રસિદ્ધ સઘલે ઠામ્ય;

ઉછવ હોએ અતિઘણા, સહુ દેશ ગામે ગામ ।। ૭ ।।

નાગરદાસકૃત શ્રીગોકુલેશ પ્રભુકૈ શ્રીમહોત્સવ અરૂ જન્મોત્સવકૌ પદ

રાગ સારંગ :- સબ મંગલકૌ મંગલ સખી યહ, પ્રાગટ્ય પરમ વિકાસ;

અખિલ અબે આનન્દ મઈ મહા સબ સુખ કો જુ નિવાસ ।। ૧ ।।

ઘર ઘર મોદ વધાઇ બાજત બાલક વૃદ્ધ હુલ્લાસ ;

પ્રગટ પ્રમોદ ઉત્સાહ અપનપોં, વારત **નાગરદાસ** ।। ૨ ।।

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



વિચાર કરવો જોઇએ !

સેવા-સ્થલ

ગયાં અંક સુધી આપણે જાણ્યું કે સેવોપદેશ દીક્ષા, સેવાનું સ્વરૂપ, સેવા પ્રદર્શન, અને સેવાનું પ્રયોજન વિશે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમહાપ્રભુજીના મતાનુસાર, પૂર્વાચાર્યની વાણીને આધારે આપણે સેવા-સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો. હવે સેવા ક્યાં કરવી ? કોની સાથે કરવી ? તેનું પ્રયોજન શું ? ચાલો આપણે હવે આ વિષયને શ્રીમહાપ્રભુજીની વાણી અને મહાનુભાવ આચાર્યોની વાણીથી સમજવાનો પ્રયાસ કરીએ.

શ્રીમહાપ્રભુજીએ કોઇપણ વિષયને ખાલી છોડ્યો નથી. આપશ્રીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં સેવા-સ્થળ વિષે આજ્ઞા કરી છે કે

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः....भजेत् कृष्णम्...

(भक्तिवर्धिनी.२)

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **પુષ્ટિભક્તિના બીજભાવને દૃઢ કરવાનો પ્રકાર તો બસ પોતાના ઘરમાં રહીને જ સંભવે, અને તે પણ પોતાનું સ્વધર્મ છે......શ્રીકૃષ્ણને ભજવું છે.** (ભક્તિવર્ધિની.૨)

વાત તો ખૂબજ સ્પષ્ટ છે કે જે પણ પુષ્ટિમાર્ગીય જીવ છે, જેને આ માર્ગ પર આગળ વધવું છે, તો પહેલા પુષ્ટિજીવે પુષ્ટિભક્તિના બીજભાવને દૃઢ કરવું પડે, અને તે કંઇ બહાર હવેલીઓમાં નહીં, પણ પોતાનાજ ઘરમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર સંભવ થઇ શકે છે. પુષ્ટિજીવનો પરમ કર્તવ્ય છે શ્રીકૃષ્ણ નું ભજન.

तु शब्देन एतदतिरिक्तप्रकारान्तरव्युदासः उक्तः स्वमार्गीयभगवद्भजनं तु गृहस्थित्यभावे न संभवतीति पूर्वं गृहस्थितिमेव आहुः **गृहे स्थित्वा** इति. भगवद्भजनानुकूले गृहे स्थित्वा **स्वधर्मतः कृष्णं भजेत्**.

(श्रीगोकुलनाथजी कृत विवृत्ति.२)

શ્રીમહાપ્રભુજીએ મૂલ કારિકામાં **तु** **तु** શબ્દનો પ્રયોગ કર્યો છે, જેનું કારણ એમ થાય છે કે આ શ્લોકમાં અભિપ્રેત સ્વમાર્ગીય ભજનનાં પ્રકારથી અતિરિક્ત ભજનનો અન્ય કોઇ પણ પ્રકાર સિદ્ધાંન્ત અભિમત નથી જ एतदतिरिक्तप्रकारान्तरव्युदासः. (એટલે કે કેવળ પુષ્ટિભક્તિના બીજભાવને દૃઢ જો કરવું હોય તો કેવળ પોતાના ઘરમાં જ સંભવે છે, નહીં કે આજકાલની કહેવાતી હવેલીઓમાં જઇને કેવળ બે ઘડીની ઝાંખી કરીને). સ્વમાર્ગી ભગવદ્ ભજન ઘરમાં રહ્યાં વિના સંભવતું નથી स्वमार्गीयभगवद्भजनं तु गृहस्थित्यभावे न संभवतीति. તેથી સર્વપ્રથમ ગૃહસ્થિતિનું જ નિરૂપણ गृहस्थितिमेव आहुः શ્રીમહાપ્રભુજી

ઘરમાં રહીને **गृहे स्थित्वा** એ વિધાન દ્વારા કરે છે. ભગવદ્ભજનાનુકૂલ ઘરમાં રહીને भगवद्भजनानुकूले गृहे स्थित्वा શ્રીકૃષ્ણને ભજવા જોઈએ **स्वधर्मतः कृष्णं भजेत्.** (શ્રીગોકુલનાથજી કૃત ભક્તિવર્ધિની ગ્રંથ ૫૨ વિવૃત્તિ. ૨)

अत्र गृहस्थान-विधानेन स्वगृहाधिष्ठित-स्वरूप-भजन-परित्यागेन अन्यत्र तत्करणे भक्तिः न भवति इति सूचितं भवतु.

(श्रीवल्लभात्मज-श्रीबालकृष्णजी कृत विवृत्ति.२)

અહીંયા સેવોપયોગી સ્થાન તરીકે ઘરનું વિધાન કરવામાં આવ્યું છે अत्र गृहस्थान-विधानेन, તેથી જો પોતાના ઘરમાં બીરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે स्वगृहाधिष्ठित-स्वरूप-भजन-परित्यागेन ભજન (ભેટ-સામગ્રી, મનોરથ કે ઝાંખી રૂપે) કરવામાં આવે તો તેને ભક્તિ ન કહેવાય अन्यत्र तत्करणे भक्तिः न भवति इति सूचितं भवतु. (શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી કૃત ભક્તિવર્ધિની ગ્રંથ ૫૨ વિવૃત્તિ.૨)

ઘણાંને એવો પ્રશ્ન થાય કે શું આજકાલ આટલી બધી બીલાડીની ટોપની જેમ ફૂટી નીકળેલી હવેલીઓમાં શું ભક્તિ સંભવે નહીં ? કેમ ઘરમાં જ ભક્તિ વૃદ્ધિ પામી શકે ? કારણકે આપણે ભક્તિ કરવી છે, તો ભક્તિ કોઈપણ ઠેકાણે સંભવી શકે. તો પછી પોતાના ઘરમાંજ કેમ ?

ત્યાં આ શંકાના સમાધાનમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને ફરી યાદ કરી લેવી જોઈએ, કે પુષ્ટિ-ભક્તિના બીજભાવને દૃઢ કરવાનો પ્રકાર તો બસ પોતાના ઘરમાં રહીને જ સંભવે. અને જો કેવળ લોક-વત્ ભક્તિ કરવી હોય તો પછી ક્યાંય એ સંભવે છે. પણ જો આ માર્ગમાં રહીને આ માર્ગાનુસાર ભક્તિ કરવી છે, તો પહેલા પુષ્ટિભક્તિના બીજભાવને દૃઢ કરવો પડશે, અને તે કેવળ પોતાના ઘરમાં જ સંભવે છે. શ્રીહરિરાયચરણ આપણને સેવા-સ્થળને પોતાનું ઘર કેમ હોવું જોઈએ, તેનું એક અલગ પાસું આપણી સામે મૂકી રહ્યાં છે. આપશ્રી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે :

गूढलीलापरो भक्तगूढभावरसात्मकः ।

सेवनीयः सावधानैः विपरीतगतिक्रियः ।।

श्रीमदाचार्यकृपया तिष्ठति स्वगृहे हरिः ।

एवंविधः सदा हस्ते योगिनः पारदो यथा ।।

(शिक्षापत्रम् . २/ १८-१९)

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ગૂઢલીલાપરાયણ ભક્તના ગૂઢભાવ અનુસારી વિપરીત-ગતિ-ક્રીયા-વાળી લીલા કરનારા શ્રીહરિની સેવા કાળજી સાથે કરવી જોઈએ. શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રભુ આપણા ઘરમાં બીરાજે છે, એમ જે યોગીના હાથમાં પારાની ગોળી. (શિક્ષાપત્ર. ૨/ ૧૮-૧૯)

તેથી પુષ્ટિભક્તિ દેખાળાની નથી, તેથી આ ભક્તિ જ્યારે આગળ વધે, ત્યારે શ્રીપ્રભુની ગૂઢલીલાપરાયણ ભક્ત તે ગૂઢભાવને કેવળ પોતાના ઘરમાં રહીને સંચય કરી શકે છે. આમ અલગ અલગ ગ્રંથો દ્વારા આપણને પૂર્વાચાર્યો એકજ આજ્ઞા કરે છે કે આજકાલ જે ચાલતી દેખાળાની ભક્તિ છે, તે પુષ્ટિભક્તિ નથી. પણ જો પુષ્ટિભક્તિને પામવું હોય તો પોતાના ઘરમાં રહીનેજ સંભવ છે, અન્યથા નહીં. હજું શ્રીહરિરાયચરણ પણ આજ્ઞા કરે છે કે :

गृहे स्थित्वा सेवनार्थं स्वधर्मेणैव सर्वथा ।

कृष्णं भजेत् यतोऽधर्मकरणात् हीनयोनिता ।।

कृष्णमूर्ती यथालब्धैः द्रव्यैः संपूजयेद् हरिम् ।

पूर्वं स्थानं मन्दिरादि तथा सिंहासनादि च ।।

(श्रीहरिरायजीकृत स्व-श-स-से-निरूपणम्. ४५-४६)

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવોને ઘરમાં રહીને જે સેવા કરવાની આજ્ઞા કરી છે તે સર્વથા સ્વધર્માનુસાર જ શ્રીકૃષ્ણભજનના રૂપમાં કરવાની છે, કારણકે અધર્મ કરતાં હીનયોનિમાં જન્મ મળી શકે છે. યથાલબ્ધ દ્રવ્યોથી શ્રીહરિનું પૂજન તેમની મૂર્તિના સ્વરૂપમાં કરવું જોઇએ. શ્રીહરિપૂજન(સેવા) કરતાં પહેલાં શ્રીહરિના બિરાજવાના સ્થાનરૂપ મન્દિરાદિ અને સિંહાસનાદિનું પણ અલંકરણાત્મક પૂજન કરવું જોઇએ. (શ્રીહરિરાયજીકૃત સ્વ.શ.સ.સે.નિ. ૪૫-૪૬)

आचार्यकुलाद् इति श्रुत्युक्तरीत्या गृहएव स्थित्वा भगवद्भजनं कर्तव्यं स्वधर्मरहस्यं च गोपनीयम् इति सिद्धम्. (श्रीपुरुषोत्तमजीकृत अणुभाष्यप्रकाश. ३-४-५०)

શ્રીપુરુષોત્તમચરણ આપણા માર્ગના એક પરમ વિદ્વાન આચાર્ય છે, જેમને શ્રીહરિરાયચરણની જેમ આ માર્ગમાં ઘણાં બધાં ગ્રંથોની રચના કરી છે, આપશ્રીએ શ્રીમહાપ્રભુજી વિરચિત અણુભાષ્ય પર સ્વકૃત પ્રકાશ નામક ટીકામાં આજ્ઞા કરે છે કે **આચાર્યકુલાદ્** આ શ્રુતિમાં કહેલ રીતિ પ્રમાણે ઘરમાં જ રહીને ભગવદ્ભજન કરવું જોઇએ અને પોતાના ધર્મના રહસ્યને ગુપ્ત રાખવું જોઇએ. (શ્રીપુરુષોત્તમજીકૃત અણુભાષ્યપ્રકાશ. ૩-૪-૫૦)

પુષ્ટિમાર્ગ દેખાળાનો માર્ગ નથી, જેની સ્પષ્ટિકરણ આપણને શ્રીપુરુષોત્તમજી અને શ્રીહરિરાયજીના ઉપરોક્ત વચનો દ્વારા સિદ્ધ થાય છે. गृहएव स्थित्वा भगवद्भजनं कर्तव्यं स्वधर्मरहस्यं च गोपनीयम् **ધર્મના રહસ્યને ગુપ્ત રાખવું જોઇએ.**

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।
શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।

શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ
ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

...ગતાંકથી આગળ

નોંધઃ - આપણા અલૌકિક શ્રીવાલ્લભ સિદ્ધાંત નિષ્ઠ શ્રીચતુર્થગૃહમાં બીરાજતા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ પ્રગટ બીરાજતાં શ્રીબેઠકજીએ સેવક-વૈષ્ણવોને શ્રીચરણસ્પર્શ માટે અનિવાર્ય નિયમો, તે જાણવા જરૂરી છે. જેથી આપણે જ્યારે પણ શ્રીમદ્ ગોકુલ જઈએ ત્યારે કોઈ તકલિફ ન પડે, તેથી આ આવશ્યક માર્ગદર્શન જાણી લેવું જરૂરી છે.

- વ્રતના દિવસે શ્રીગોકુલ ત્યજી અન્ય ક્યાંય જવું નહીં. તેમજ બહારનું જલપાન અને ખાનપાન પણ કરવું નહીં. શ્રીયમુનાજીને પણ ક્યારેય વ્રતના દિવસે પાર કરવું નહીં.

- વ્રતના દિવસે શક્ય એટલું ભગવન્નામ સ્મરણ-સ્તોત્ર પાઠ વગેરે કરવા. ટી.વી. વગેરે મનોરંજનના સાધનોથી દૂર રહેવું.

- શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શ કરતા અગાઉ, પોતાના ઉતારાના સ્થળે/ધર્મશાળામાં સ્વચ્છ જળથી સ્નાન કરી, માથાનો મેલ-ચીકાશ વગેરે દૂરૂ કરવાં અને ત્યાર પછી જ શ્રીબેઠકજીના જલધારામાં અપરસના સ્નાન માટે જવું.

- પ્રાતઃકાલે ખરચૂ (સંડાશ)ની ક્રીયા પૂરી કરી હોય અથવા ન કરી હોય તો પણ સર્વ પ્રથમ ઉતારાના સ્થાને સ્નાન કર્યા પછી જ જલધારામાં અપરસમાં સ્નાન માટે જવું.

- શ્રીગોકુલમાં આવેલા કોઈ પણ ધર્મશાળા અથવા તીર્થગોરના ઘરની અપરસ માટે આજ્ઞા આપવામાં આવેલી નથી, તેની ખાસ નોંધ લેવી.

• શ્રીબેઠકજીમાં અપરસ કરવા માટે આવનાર સેવક-વૈષ્ણવોએ જલધારાનો અન્ય કોઇ દૂર-ઉપયોગ જેવો કે માથું ધોવું, કપડાં ધોવા, લઘુશંકા કરવી વગેરે રૂપમાં કદી કરવો નહીં, પરંતુ અપરસના સ્નાન પૂરતો જ કરવો.

• અપરસમાં સ્નાન કરતી વખતે ઘોંઘાટ કરવો નહીં, પરંતુ મૌન જાળવવું. સ્નાન કરતી વખતે બોલવાથી મુખના છીંટા, સ્નાન કરેલા દેહ ઉપર પડવાથી, દેહ અશુદ્ધ બને છે.

• સ્નાન કરતી વખતે મસ્તકથી નીચે તરફ જળ વહે એ રીતે સ-વસ્ત્ર સર્વાંગે સ્નાન કરવું.

• સ્નાન કર્યા બાદ કોવા ટુવાલથી સૌ પ્રથમ મસ્તક બરાબર લૂછી-ઉપરથિ નીચે તરફ સંપૂર્ણ શરીર લૂછવું. માથામાં જલબિંદુઓ રહી ન જાય તેની ખાસ કાળજી લેવી. માથામાંથી જલબિંદુઓ અપરસ કરેલા શરીર ઉપર પડેતો અપરસ છોવાઇ જાય અથવા શ્રીબેઠકજીમાં પડે તો અપરાધ પડે છે.

• ત્યારબાદ કોરી જગ્યામાં ઊભા રહી અપરસના વસ્ત્રો પહેરવાં.

• અપરસમાં સુતરાઉ કોરા, રેશમી અતવા કંતાનના વસ્ત્રો ઉપયોગમાં લેવા. નીકર/અંડરવેર રાખવા નહીં.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

નિત્યલીલા શ્રીગોકુલ નરેશ શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીકન્હૈયા પ્રભુ રચિત ધોળ

મેરે શ્રીગોકુલેશ પ્યારે, હમારે કાજ સબે સારે.

લીઆ ગિરિરાજ કર ધરી, મધુરી બંસી બજાઇહે. ૧

મેઘ જલ ઇન્દ્ર મચાઇહે, કહું નહીં બૂંદ પાઇહે.

ગઉ ઔર ગોપ બછરાવહે, સનમુખ જોઇ ચાહી હે. ૨

જસોદાનન્દ વ્રજવાસી સબે આનન્દ મનાઇ હે.

કહે વ્રજબાલ સબ મિલકે, સો તુમ વ્રજકે રખવારે. ૩

બજાઇ કાન્હને બંસી, ચલી વ્રજનારી સબ સજકે.

રહી કુલકી ન લાજની, નેક સુરપતિ ગ્રહે તજ તજકે. ૪

સજે શૃંગાર સબ ઉલટે સુની ધુની બાંસરી વ્રજકે -

ગઇ વૃન્દાવિપિન મિલકે મારગમેંસું ભજ ભજકે. ૫

મિલે નંદ નંદ શ્રીગોવિન્દ, શરદકે ચન્દ ઉજીઆરે,

હમારે પ્રાણથી પ્યારે, નયનકે હું હે તારે. ૬

શ્રીવિઠ્ઠલનાથ હૃદયમેં વસે છીન હોત નહીં ન્યારે.

મેરે શ્રીગોકુલનાથજી પ્યારે. મેરે શ્રીગોકુલનાથજી પ્યારે.૭

કવિત્ત

નેહતેં નવલ ગોકુલેશ રસ ઢરિ આવે,
ભાવે જીય નેહ એસો ઉરમાંજ ધારિયે;
નિર્હેતુક નિરુપાધિ સાધનકો રૂપ આદિ,
દેહ ગેહ પ્રાણ ધન નેહ પર વારીયે;
રૂપ ગુન ચાતુરી વિવેક ભાવ ભૂષન યેહ,
દૂષન સમાન લાગે નેહ બિન જારિયે;
ગેહિ વિન ગેહ જેસો પ્રાણ વિન દેહ તેસો,
નેહી બિન નાતો કૈસો હોતો કરિ ડારિયે. ૧૦

શ્રીગોકુલનાથકી જય

વર્ષ ૨ અંક ૧૨ ફાગણ વદ ૧૧, ૨૦૬૫



તાત તણો પ્રતિબિંબ રે રસના - ૧૨

શ્રીપાપમોચિની એકાદશી વ્રત

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય શ્રીગોકુલમેં આપ બિરાજત હતે. તબ એક વૈષ્ણવ ચરણસ્પર્શ કરવેકુ કેસરી ઉપરણા કીનારીદાર ઓઢકે આયે, તબ વાકુ આપને આજ્ઞા કીની જે તુમ કેસરી કીનારીદાર ઉપરણા ઓઢોગે તબ હમ કહા ઓઢંગે ! એસી આજ્ઞા કરકે વૈષ્ણવનકું કેસરી કીનારીદાર ઉપરણા ઓઢવેકી મને કરી, જે આજ પાછે મત ઓઢીયો. ૧૨૩